દાખલ તારીખ–૨૭–૧૨–૨૦૧૦
રજુ તારીખ–૨૭–૧૨–૨૦૧૦
ફેંસલ તારીખ–૨૮–૦૭–૨૦૨૬
અવધિ વર્ષ માસ દિવસ

**ભાવનગરના મહે.બીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

**ફોજદારી કેસ નં–૧૯૯/૨૦૧૧**
**આંક–**

**ફરીયાદી–** સરકારશ્રી

**વિરૂઘ્ધ**

**આરોપી – ધનશ્યામભાઇ હરખાભાઇ ડાભી,**
રહે.મીઠી વીરડી, તા.તળાજા, જી.ભાવનગર.

**ગુન્હો–ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪,૧૭૭,૧૩૪,૬૬(૧),૧૯૨ મુજબનો.**

**ફરીયાદપક્ષ તરફે –વિ.એ.પી.પી.શ્રી એ.કે.રાઠોડ**
**આરોપી તરફે –વિ.વ.શ્રી પી.પી.જાડેજા**

**ચુકાદો**

(૧) સદર કેસની ટૂંકમા હકીકત એવી છે કે, આ કામે આરોપી ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪,૧૭૭,૧૩૪,૬૬(૧),૧૯૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, આ

કામના આરોપીએ પોતાના કબજાવાળી મેકસ પીકપ (ફોરવ્હીલ જીપ) નં– જી.જે.૦૪.આઇ.વી.૩૬૧૯ વાળી ગે.કા રીતે પેસેન્જર માણસોને જેમ કે ફરીયાદી તથા સાહેદ નં–૫ થી ૧૧ તથા અન્ય માણસો મળીને ૧૫ જેટલા પેસેન્જર બેસાડી અને ભાવનગરથી મીઠીવીરડી આવતા હતા દરમ્યાન રસ્તામાંથી ઉપરોકત માણસોને બેસાડી અને વાહન ખુબ જ ઝડપથી તથા બેદરકારીથી ચલાવી આવી વાહન ઉપરનો કાબુ ગુમાવી વાહનને રોડથી નીચે ઉતારી પલ્ટી ખવડાવી દેતા આ ફરીયાદી તથા સાહેદ નં–૫ થી ૧૧ નાઓને નાની મોટી ઈજાઓ પહોંચાડી વાહન સ્થળ ઉપર મુકીને નાસી જઇ ભારતીય ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪,૬૬(૧),૧૯૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આક્ષેપ છે.

**(૨)** ચાર્જશીટ આવતા આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થયેલ અને આરોપીને ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સ મળ્યાની ખાતરી કર્યા બાદ આંક–૦૪ થી આરોપીનું નિવેદન નોંધતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામા આવેલ.

**(૩)** આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામા આવેલ છે.

–:: **મૌખિક પુરાવાની વિગત** ::–

| અનુ નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | લાભુબેન ઝવેરભાઇ બારૈયા–સાહેદ | ૧૦ |
| ૨. | મંજુબેન બીજલભાઇ બારૈયા–સાહેદ | ૧૧ |
| ૩. | જસુબેન પરસોત્તમભાઇ ગોહીલ–સાહેદ | ૧૨ |
| ૪. | કૈલાશબેન નાગજીભાઇ વાઘેલા–સાહેદ | ૧૩ |
| ૫. | મુન્નાભાઇ ગણેશભાઇ ઠાભી–સાહેદ | ૧૭ |
| ૬. | હંસાબેન પોપટભાઇ ઢાપા–સાહેદ | ૨૦ |
| ૭. | વસંતબેન મનાભાઇ બારૈયા–સાહેદ | ૨૧ |
| ૮. | દીલુભા રતુભા ગોહિલ–ફરીયાદી | ૩૩ |
| ૯. | ડો.પ્રફુલભાઇ મોહનભાઇ સોલંકી–સાહેદ | ૩૫ |

| | | |
|---|---|---|
| ૧૦. | ધીરજલાલ ભીખાલાલ જાની–સાહેદ | ૪૨ |
| ૧૧. | જીતુભા મનુભા ગોહીલ–સાહેદ | ૪૬ |
| | દિલીપભાઇ મંગાભાઇ પરમાર–સાહેદ | ૨૭ |
| | મંજુલાબેન હિતેશભાઇ પરમાર–સાહેદ | ૨૮ |
| | ડો.જીતેશભાઇ જીવરાજભાઇ ગોધાણી–સાહેદ | ૩૦ |
| | અરવીંદભાઇ રામજીભાઇ ચૌહાણ–સાહેદ | ૩૮ |

**દસ્તાવેજી પુરાવાની વિગત**

| **અનુ નં** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૩૨ |
| ૨. | ફરીયાદ | ૩૪ |
| ૩. | ઇજા અંગેનુ સર્ટીફીકેટ | ૩૬,૩૮ |
| ૪. | સારવાર કાગળો ૧ થી ૨૮ | ૩૭ |
| ૫. | એકસ–રે તથા ઇ.સી.જી રીપોર્ટ | ૩૯ |
| ૬. | ઓપીડી કેસ, એકસ–રે પ્લેટ | ૪૦ |
| ૭. | સારવાર કાગળો અંગે આર.એમ.ઓનો લેટર | ૪૧ |
| ૮. | તપાસ સોંપણી હૂકમ | ૪૩ |
| ૯. | સ્થાનીક જગ્યાનો નકશો | ૪૪ |

(૪) ફરીયાદપક્ષ તરફે ફરીયાદી ધ્વારા વિશેષ કોઇ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી તે મૌખીક જાહેર કરી પુરાવો પુર્ણ થયાનુ જાહેર કરેલ છે.

(૫) ત્યારબાદ આ કામે રેકર્ડપરનો પુરાવો જોતા આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો રેકર્ડ પર જણાતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. જેમા આરોપીએ પુરાવો પોતાની રૂબરૂમાં લેવામા આવેલાની હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે બાકીની તમામ હકીકતોનો ઇન્કાર કરી તેઓએ નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૬) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવક્ષ તર્ફે વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કેસની ઉપરોકત હકીકતે આખરી નિર્ણય માટે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાવાળી મેકસ પીકપ (ફોરવ્હીલ જીપ) નં–જી.જે.૦૪.આઇ.વી.૩૬૧૯ વાળી ગે.કા રીતે પેસેન્જર માણસોને જેમ કે ફરીયાદી તથા સાહેદ નં–પ થી ૧૧ તથા અન્ય માણસો મળીને ૧પ જેટલા પેસેન્જર બેસાડી અને ભાવનગરથી મીઠીવીરડી આવતા હતા દરમ્યાન રસ્તામાંથી ઉપરોકત માણસોને બેસાડી અને વાહન ખુબ જ ઝડપથી તથા બેદરકારીથી ચલાવી આવી વાહન ઉપરનો કાબુ ગુમાવી વાહનને રોડથી નીચે ઉતારી પલ્ટી ખવડાવી દેતા આ ફરીયાદી તથા સાહેદ નં–પ થી ૧૧ નાઓને નાની મોટી ઈજાઓ પહોંચાડી વાહન સ્થળ ઉપર મુકીને નાસી જઇ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪,૬૬(૧),૧૯૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હૂકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**– : નિર્ણય માટેના કારણો : –**

**<u>મુદ્દા નંબર–૧</u> :–**

(૯) આ કામે ફરીયાદની હકીકતો જોતાં, આ કામના આરોપીએ પોતાના કબજાવાળી મેકસ પીકપ (ફોરવ્હીલ જીપ) નં–જી.જે.૦૪.આઇ.વી.૩૬૧૯ વાળી ગે.કા રીતે પેસેન્જર માણસોને જેમ કે ફરીયાદી તથા સાહેદ નં–પ થી ૧૧ તથા અન્ય માણસો મળીને ૧પ જેટલા પેસેન્જર બેસાડી અને ભાવનગરથી

મીઠીવીરડી આવતા હતા દરમ્યાન રસ્તામાંથી ઉપરોકત માણસોને બેસાડી અને વાહન ખુબ જ ઝડપથી તથા બેદરકારીથી ચલાવી આવી વાહન ઉપરનો કાબુ ગુમાવી વાહનને રોડથી નીચે ઉતારી પલ્ટી ખવડાવી દેતા આ ફરીયાદી તથા સાહેદ નં-૫ થી ૧૧ નાઓને નાની મોટી ઈજાઓ પહોંચાડી વાહન સ્થળ ઉપર મુકીને નાસી જઈ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪, ૬૬(૧),૧૯૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૧૦) આરોપી સામેનો કેસપુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે નોંધવામાં આવેલ પુરાવો તથા બંને પક્ષે સાંભળવામાં આવેલ દલીલોનુ પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૦ થી સાહેદ લાભુબેન ઝવેરભાઈ બારૈયાને તપાસવામા આવેલ છે.તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, બનાવ આશરે ચૌદેક વર્ષ પહેલા બનેલો હતો. બનાવ સમયે તેઓ નવારતનપરના પાટીયાથી એક જીપવાનમાં બેસીને લાખણકા ગામ તરફ જવા માટે બેઠેલ હતી ત્યારે તેમનો અકસ્માત થળસર ગામ આગળ જતા થયેલ હતો. આ અકસ્માતમાં તેમને શરીરના ભાગે મુંઢ ઈજા થયેલ હતી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલ. આ અકસ્માત કેવી રીતે અને કોની ભુલ અને બેદરકારીના કારણે બનેલ હતો તે તેઓ કહી શકે નહી. તેમને જીપનો નંબર યાદ નથી. આ જીપ વાહનના ચાલક કોણ હતા તેની તેમને ખબર નથી કે તેના ચાલકને તેઓએ જોયેલ નથી. સદર સાહેદ પોલીસ નિવેદનની હકીકતથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી પરવાનગીથી ઉલટતપાસ કરવા છતા પોલીસ નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા

આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, પોલીસે તેમનુ નામ સરનામુ પુછેલ હતુ તે સીવાય બીજુ કશું પુછેલ નહી. આ અકસ્માત કેવી રીતે અને કોની ભુલના કારણે બનેલ હતો તે કહી શકે નહી. તેમને વાહન જીપનો નંબર હાલ યાદ નથી. આ વાહન જીપ ચાલક કોણ હતુ તેની તેમને ખબર નથી કે તેના ચાલકને તેઓએ જોયેલ નથી.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૧ થી સાહેદ મંજુબેન બીજલભાઇ બારૈયાને તપાસવામા આવેલ છે.તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, બનાવ આશરે ચૌદેક વર્ષ પહેલા બનેલો હતો. બનાવ સમયે તેઓ નવારતનપરના પાટીયાથી એક જીપવાનમાં બેસીને લાખણકા ગામ તરફ જવા માટે બેઠેલ હતી ત્યારે તેમનો અકસ્માત થળસર ગામ આગળ જતા થયેલ હતો. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે મુંઢ ઈજા થયેલ હતી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલ. આ અકસ્માત કેવી રીતે અને કોની ભુલ અને બેદરકારીના કારણે બનેલ હતો તે તેઓ કહી શકે નહી. તેમને જીપનો નંબર યાદ નથી. આ જીપ વાહનના ચાલક કોણ હતા તેની તેમને ખબર નથી કે તેના ચાલકને તેઓએ જોયેલ નથી. સદર સાહેદ પોલીસ નિવેદનની હકીકતથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી પરવાનગીથી ઉલટતપાસ કરવા છતા પોલીસ નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, પોલીસે તેમનુ નામ સરનામુ પુછેલ હતુ તે સીવાય બીજુ કશું પુછેલ નહી. આ અકસ્માત કેવી રીતે અને કોની ભુલના કારણે બનેલ હતો તે કહી શકે નહી. તેમને વાહન જીપનો નંબર હાલ યાદ નથી. આ વાહન જીપ ચાલક કોણ હતુ તેની તેમને ખબર નથી કે તેના ચાલકને તેઓએ જોયેલ નથી.

(૧૨) આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૨ થી સાહેદ જસુબેન પરસોત્તમભાઇ ગોહીલને તપાસવામા આવેલ છે.તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, બનાવ આશરે ચૌદેક વર્ષ પહેલા બનેલો હતો. બનાવ સમયે તેઓ નવારતનપરના પાટીયાથી એક જીપવાનમાં બેસીને લાખણકા ગામ તરફ જવા માટે બેઠેલ હતી ત્યારે તેમનો અકસ્માત થળસર ગામ આગળ જતા થયેલ હતો. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે મુંઢ ઈજા થયેલ હતી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલ. આ અકસ્માત કેવી રીતે અને કોની ભુલ અને બેદરકારીના કારણે બનેલ હતો તે તેઓ કહી શકે નહી. તેમને જીપનો નંબર યાદ નથી. આ જીપ વાહનના ચાલક કોણ હતા તેની તેમને ખબર નથી કે તેના ચાલકને તેઓએ જોયેલ નથી. સદર સાહેદ પોલીસ નિવેદનની હકીકતથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી પરવાનગીથી ઉલટતપાસ કરવા છતા પોલીસ નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, પોલીસે તેમનુ નામ સરનામુ પુછેલ હતુ તે સીવાય બીજુ કશું પુછેલ નહી. આ અકસ્માત કેવી રીતે અને કોની ભુલના કારણે બનેલ હતો તે કહી શકે નહી. તેમને વાહન જીપનો નંબર હાલ યાદ નથી. આ વાહન જીપ ચાલક કોણ હતુ તેની તેમને ખબર નથી કે તેના ચાલકને તેઓએ જોયેલ નથી.

(૧૩) આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૩ થી કૈલાશબેન નાગજીભાઇ વાઘેલાને તપાસવામા આવેલ છે.તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, બનાવ આશરે ચૌદેક વર્ષ પહેલા બનેલો હતો. બનાવ સમયે તેઓ નવારતનપરના પાટીયાથી એક જીપવાનમાં બેસીને લાખણકા ગામ તરફ જવા માટે બેઠેલ હતી

ત્યારે તેમનો અકસ્માત થળસર ગામ આગળ જતા થયેલ હતો. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે મુંઢ ઈજા થયેલ હતી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલ. આ અકસ્માત કેવી રીતે અને કોની ભુલ અને બેદરકારીના કારણે બનેલ હતો તે તેઓ કહી શકે નહી. તેમને જીપનો નંબર યાદ નથી. આ જીપ વાહનના ચાલક કોણ હતા તેની તેમને ખબર નથી કે તેના ચાલકને તેઓએ જોયેલ નથી. સદર સાહેદ પોલીસ નિવેદનની હકીકતથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી પરવાનગીથી ઉલટતપાસ કરવા છતા પોલીસ નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, પોલીસે તેમનુ નામ સરનામુ પુછેલ હતુ તે સીવાય બીજુ કશું પુછેલ નહી. આ અકસ્માત કેવી રીતે અને કોની ભુલના કારણે બનેલ હતો તે કહી શકે નહી. તેમને વાહન જીપનો નંબર હાલ યાદ નથી. આ વાહન જીપ ચાલક કોણ હતુ તેની તેમને ખબર નથી કે તેના ચાલકને તેઓએ જોયેલ નથી.

(૧૩) આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૭ થી મુન્નાભાઇ ગણેશભાઇ ડાભીને તપાસવામા આવેલ છે.તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, બનાવ ચૌદેક વર્ષ પહેલા બનેલ હતો. તેઓ તેમના માતા સાથે રહે છે અને ખેતીકામ કરે છે. બનાવ સમયે તેઓ એક મેકસ પીકઅપ ફોર વ્હીલ ગાડી તેઓએ સવજીભાઇ પાસેથી ખરીદ કરેલ હતી. આ પીકઅપ ફોર વ્હીલ તેમના કાકા ઘનશ્યામભાઈ ડ્રાઈવીંગ કરતા હતા. તેમને કોઇ માસીક પગાર આપતા નહી. તેમના કાકા ગાડી લઇ ચીકુનો ફેરો મારવા ભાવનગર આવેલા અને તેમના કાકા એ તેમને વાત કરેલી કે ગાડી પલ્ટી ખાઇ ગયેલ છે. આ સીવાય બીજુ કાઇ તેમને કહેલ નહી. પોલીસે તેમનો જવાબ લીધેલો. સદર સાહેદ પોલીસ

નિવેદનની હકીકતથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી પરવાનગીથી ઉલટતપાસ કરવા છતા પોલીસ નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, બનાવ બન્યો ત્યારે તેમની ઉંમર ૮ વર્ષની હતી. તેમના નામે આવી કોઇ મેકસ પીકઅપ તેમના નામે નોંધાયેલ ન હતી. આ મેકસ પીકઅપ કયા જતી કયા આવતી તે અંગે તેમને કોઇ જાત માહિતી નથી. ગાડી કયા દિવસે ગઇ હતી કયા દીવસે આવી હતી તેમા કોણ બેઠેલ હતુ તેની તેમને ખબર નથી. ધનશ્યામભાઇએ તેમને કોઇ હકીકત જણાવેલ નથી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નહી.

(૧૩) આ કામે ફરીયાદ પક્ષે આંક–૨૦ થી હંસાબેન પોપટભાઇ ઢાપાને તપાસવામા આવેલ છે.તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, બનાવ સવારના આઠ થી નવ વાગ્યાના અરસામા બનેલો. બનાવ થળસર મુકામે બનેલ. બનાવ પંદરેક વર્ષ પહેલા બનેલ. બનાવના દીવસે તેઓ સવારે આઠેક વાગ્યે તેમના ગામ હાથબથી લાખણકા ગામે મજુરી કામે જવા નીકળેલા. તેઓ બોલેરો મોટરમા હાથબથી બેઠેલા તેમની સાથે આ વખતે વસંતબેન તથા અન્ય પેસેન્જર બેઠેલા હતા. કુલ–૩૦,૩૫ જેટલા પેસેન્જરો હતા. થળસર પહોંચતા આ બોલેરો મોટર ઉધી પડી ગયેલી તેમને કેડ ના ભાગે ઇજા થયેલી. વસંતબેનને પણ હાથના ભાગે ઇજા થયેલી અન્ય પેસેન્જરોને પણ ઇજાઓ થયેલી. બનાવ સમયે તેઓ જે બોલેરો મોટરમા બેઠેલા તેના ડ્રાઇવર કોણ હતા તેનુ નામ તેમને ખબર નથી, કયાંના હતા તેની ખબર નથી, બનાવને ઘણો સમય થયેલ હોય તેઓ જોયે ઓળખતા નથી,જો હાજર હોય તો ઓળખી શકે. તેમને ઇજાઓ થતા ૧૦૮ મા

ભાવનગર સરકારી દવાખાને લઈ ગયેલા. તેઓએ સારવાર લીધેલી. બનાવ સમયે તેઓ જે બોલેરો મા બેઠેલા તેના ડ્રાઈવર તેનું વાહન ખુબજ ઝડપથી ચલાવતા હતા અને જેથી તેઓ ગાડી પર નો કાબુ ગુમાવતા ગાડી પલ્ટી ખાઈ ગયેલી. સદર સાહેદ પોલીસ નિવેદનની હકીકતથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી પરવાનગીથી ઉલટતપાસ કરવા છતા પોલીસ નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, ઘણા બધા મજુરો પાછળ બેઠેલા હોય જેથી બોલેરો કઈ રીતે પલ્ટી ખાઈ ગયેલી તે બાબતે તેમને કંઈ ખબર નથી. અકસ્માતવાળા બનાવ બાબતે પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નહી. અકસ્માતની જગ્યાએ ઘણા બધા માણસો તથા ઢોરઢાખરની અવર જવર હતી. બોલેરો કેટલી ઝડપથી ચાલતી હતી તે સ્પીડ બાબતે તેમને કંઈ ખબર નથી.

(૧૩) આ કામે ફરીયાદ પક્ષે આંક-૨૧ થી વસંતબેન મનાભાઈ બારૈયાને તપાસવામા આવેલ છે.તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, બનાવ સવારના ૧૦ થી ૧૨ વર્ષ પહેલા બનેલો. બનાવ થળસર મુકામે બનેલ. બનાવ સવારે ૯ વાગ્યે બનેલો. બનાવના દીવસે તેઓ સવારે આઠેક વાગે તેમના ગામ હાથબથી લાખણકા ગામે મજુરી કામે જવા નીકળેલા. તેઓ બોલેરો મોટરમા હાથબથી બેઠેલા તેમની સાથે આ વખતે પેસેન્જરો બેઠેલા હતા. કુલ ૩૦-૪૦ જેટલા પેસેન્જરો હતા. આ મોટર મીઠી વીરડીવાળાની હતી. આ મોટર થળસર મુકામે પલ્ટી ખાઈ ગયેલી.આ પલ્ટી કઈ રીતે ખાઈ ગયેલી તેની તેમને ખબર નથી.તેમને ડાબા હાથે કોણીથી નીચેના ભાગે હાથ પર ઈજા થયેલી અન્ય પેસેન્જરોને પણ ઈજાઓ થયેલી. તેઓએ સરકારી

હોસ્પીટલ ભાવનગરમા સારવાર લીધેલી. બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી નહી. બોલેરો ગાડીનો નંબર તથા ડ્રાઇવરનુ નામ તેમને ખબર નથી તથા જોઇને ઓળખી શકે નહી. બનાવ સમયે બોલેરો જીપના ડ્રાઇવર આ જીપ સ્પીડમા ચલાવતા હતા જેથી તેઓ ગાડી પરનો કાબુ ગુમાનવતા આ ગાડી પલ્ટી ખાઇ ગયેલી.સદર સાહેદ પોલીસ નિવેદનની હકીકતથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી પરવાનગીથી ઉલટતપાસ કરવા છતા પોલીસ નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, અકસ્માતની જગ્યાએ ઘણાબધા માણસો તથા ઢોરઢાંખરની અવર જવર હતી. બોલેરો કેટલી ઝડપથી ચાલતી હતી તે સ્પીડ બાબતે તેમને કંઇ ખબર નથી. ઘણા બધા મજુરો પાછળ બેઠેલા હોય જેથી બોલેરો કઇ રીતે પલ્ટી ખાઇ ગયેલી તે બાબતે તેમને કંઇ ખબર નથી. અકસ્માતવાળા બનાવ બાબતે પોલીસે તેમને કોઇ પુછપરછ કરેલ નહી.

(૧૪) આ કામે ફરીયાદ પક્ષે આંક–૩૩ થી ફરીયાદી દિલુભા રતુભા ગોહીલને તપાસવામા આવેલ છે.તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, બનાવના સવારના નવ વાગ્યે થળસર અને લાખણકા ની વચ્ચે સતરેક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તથા જીતુભાાનાઓ થળસરથી મોટર પીકઅપ મા કુવા ઉપર પાણી ખેંચવાનુ મશીન લેવા માટે મીઠી વિરડી મુકામે જતા હતા. તેમના સીવાય બીજા અઢાર મજુરો હતા. તેઓ આ જીપ માં પાછળ એંગલ પકડી ઉભા હતા અને જીપ ના ડ્રાઇવર એક બે કાવા મારરેલા અને જેથી આ મોટર ખાડા માં પડી ગયેલી અને તેમાં તેમને તેમના બન્ને હાથ છોલાઇ ગયેલ તેમજ જમણા પગ માં ઇજા થયેલી. તેમના સાથેના જીતુભા નેપગ માં તેમજ

શરીર ના બીજા ભાગોમા ઈજા થયેલી અને બેભાન થઇ ગયેલ અને સાથેના દાડીયા મજુરો ના કોઇક ના હાથ ભાંગી ગયેલા ઈજાઓ થયેલી. જેઓના નામ આવડતા નથી પરંતુ તેઓ રતનપર અને હાથબ ગામના હતા. ત્યારબાદ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ ન આવતા તેઓ બીજા પીકઅપ માં હાથબ ગામ આવેલ અને ૧૦૮ આવતા તેમા સર.ટી.હોસ્પીટલમા સારવાર માટે આવેલા. તેમની સાથેના ઈજા પામનાર બીજા મજુરો પણ ૧૦૮ માં આવેલા. બનાવની ફરીયાદ તેઓએ ડ્રાઇવર વિરુધ્ધ આપેલ જે આંક-૩૪ થી રજુ છે જેમા તેમના અંગુઠાનુ નીશાન છે. તેમની મોટર પલ્ટી ખાઇ જવાનુ કારણ ડ્રાઇવર સીખાવ હતા અને વાંકાચુકી ચલાવતા જેથી પલ્ટી ખાઇ ગયેલ.આ મોટરના માલીકનુ નામ ગણેશભાઇ હતુ.સારવારમાથી તે જ દિવસે રજા આપેલી અન્ય ઈજા પામનારને દાખલ કરેલા.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, તેઓ ભણેલ ગણેલ નથી એટલે તેમને લખતા વાંચતા આવડતુ નથી. પોલીસે તેમની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે મોટર પલ્ટી ખાઇ જતા ઈજા થયેલી. બનાવ કઇ રીતે બનેલો તેની તેમને ખબર નથી. પોલીસે તેમનુ નામ, ઠામ સરનામુ ઉંમર પુછીને અંગુઠો મારવાનુ કહેતા તેઓએ અંગુઠો મારેલ. તેઓએ જેમા અંગુઠો કરેલ તે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. થળસરથી મીઠી વીરડી જવાનો રસ્તો હતો અને આ રસ્તા પર વાહનોની સતત અવર જવર રહેતી હોય છે. અકસ્માતવાળા બનાવ બાબતે તેમને કોઇ અંગત જાત માહિતી નથી.

(૧૫) આ કામે ફરીયાદ પક્ષે આંક-૩૫ થી ડો.પ્રફુલભાઇ મોહનભાઇ સોલંકીને તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, તેઓ તા.૨૧/૫/૨૦૧૦ ના રોજ સર.ટી.હોસ્પીટલ ભાવનગર ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ

પર હાજર હતા ત્યારે સવારના દસ કલાકે જીતુભા મનુભા ગોહીલને તેમના ભાઇ વનરાજસીહ સારવાર માટે લાવેલા. જીતુભાના જણાવ્યા મુજબ થળસર ગામ નજીક સવારે સાડા આઠ વાગે થળસર ગામ પાસે ગાડી પલટી થઇ હતી તેવી હીસ્ટ્રી આપેલી જેઓને તપાસતા (૧) કપાયેલો છુંદાયેલો ભાગ જે ૨ x ૦.૫ x ૦.૫ સે.મી.નો હતો જે જડબાના ડાબા ભાગે હતો તેમને છાતીમા દુખાવો થતો હતો. અવસ્વસ્થીત ઈન્જરી જે ૮ x ૧ x ૧ સે.મી.જે ડાબા પગ ના પંજા મા હતી તેઓ દસ થી પંદર મીનીટ સારવાર મા આવ્યા તે પહેલા બેભાન રહયા હતા. સારવામા આીવ્યા ત્યારે ભાન મા હતા તેમને તપાસતા તેઓ સંપુર્ણ સભાન અવસ્થામા હતા તાપમાન નોર્મલ હતુ પ્લસ ૮૦ પર મીનીટ હતી. બ્લડ ૧૧૬/૮૪ હતુ તેમના એકવીસ તારીખના સીટી સ્કેન મા માથાની જમણી બાજુ હેમેટોમા હતુ એ જ રીતે માથાની ડાબી બાજુ પણ હેમેટોમા હતુ તેમજ સબ એૅરેકનોઇડ હેમરેજ હતુ. તા.૨૪/૫/૨૦૧૦ ના સીટી સ્કેનમા માથા ના જમણી ભાગમાં તેમાં પણ જમણી બાજુએ સબ ડયુરલ હેમેટોમા હતુ તેમજ સબ એૅરેકનોઇડ હેમરેજ હતુ. તા.૨૪/૫/૨૦૧૦ ના સીટી સ્કેનમા માથા ના જમણી ભાગમાં તેમાં પણ જમણી બાજુએ સબ ડયુરલ હેમેટોમા જોવા મળેલ તેમની પેટની સોનોગ્રાફી કરવામાં આવેલ જે નોર્મલ હતી. તેમના મંતવ્ય મુજબ આ ઈજા તાજી હતી અને સખત અને બોથડ પદાથ" વડે થઇ શકે તેવી હતી. આ ઈજાઓ ગંભીર પ્રકારની હતી. દર્દીને ઈજા અંગેનું પત્રમાણપત્ર આપેલ જે આંક-૩૬ થી રજુ છે. તેમજ દર્દીના સારવારના કાગળો અનુક્રમ નં.૧ થી ૨૮ જે સંયુકત આંક-૩૭ થી રજુ છે અને દર્દીને તા.૧/૬/૨૦૧૦ ના રોજ હોસ્પીટલમાંથી રજા આપવામાં આવેલ. તે જ દિવસે તા.૨૧/૫/૨૦૧૦ ના રોજ તેમની પાસે વસંતબેન મનજીભાઇ બારૈયા હાથબ ભાવનગરનાઓ ને તેમના ભાઇ લવજીભાઇ સારવાર માટે સવારના સાડા દસ વાગે લાવેલા અને વસંતબેનેને

ગાડી પલટી જતા સવારે સાડા આઠ વાગે થળસર ગામ પાસે બનાવ બનેલો અને સારવાર માટે લાવેલા તેઓને તપાસતા (૧) પંકચરવુંડ જે ડાબા હાથના નીચેના ભાગે તેની સંખ્યા બે હતી જે આગળના ભાગે હતા જયાં દુખાવો અને સોજો ચડેલ, (૨) કપાયેલો છુંદાયેલો ઘા જે ૨ x ૧ x ૦.૫ સે.મી.નો હતો જે જમણી ઘુંટીના આગળના ભાગે હતો તેમને તપાસતા તેઓ સંપુર્ણ સભાન અવસ્થામાં હતા તાપમાન નોર્મલ હતુ. પ્લસ ૮૦ પર મીનીટ બ્લડ પ્રેસર ૧૧૬/૮૪ હતુ તેમના ડાબા હાથના કાંડાના અને એલબોના એકસ રે પાડવામાં આવેલ જેમાં ડાબી બાજુના અલના નામના હાડકા મા નીચેના ભાગે ફ્રેકચર હતુ તેઓ તા.૨૨/૫/૨૦૧૦ ના રોજ ડોકટરની સલાહ વિરુધ્ધ ચાલ્યા ગયાન હતા. તેમના મંતવ્ય મુજબ આ ઈજા તાજી હતી સખત અને બોથડ પદાર્થ વડે થઇ શકે તેવી હતી.જો કોઇ કોમ્પલીકેશન ન થાય તો ચાર થી છ અઠવાડીયામાં સારી  થઇ શકે તેવી હતી. દર્દીના ઈજા અંગેનુ સર્ટીફીકેટ તેઓએ આપેલ જે આંક–૩૮ થી રજુ છે. દર્દીને આપેલ સારવારના કાગળો અનુ.નં.૧ થી ૮ તથા એકસ રે નંગ–૩ તથા ઇ.સી.જી.નો રીપોર્ટ આંક–૩૯ થી રજુ છે.તે જદિવસે તેમની હોસ્પીટલમા દર્દીના નામે મંજુબેન બીજલભાઇ બારૈયાનાઓ બપોરના કલાક ૧૩/૫૭ વાગ્યે સારવાર માટે આવેલા તેમને સ્ત્રીઓના સર્જીકલ વોર્ડમા દાખલ કરવામાં આવેલા તેઓને માથા પર ઈજાઓ હતી તેમના માથા ના છાતીના, પેટના અને બંને પેલ્વીક બોર્નના એકસ રે પાડવામાં આવેલ જે નોર્મલ હતા તેમને તા.૨૩/૫/૨૦૧૦ ના રોજ બપોરના કલાક ૩/૧૨ મીનીટે રજા આપવામાં આવેલ. આ દર્દીના સર્ઝરી વિભાગના સારવારના કાગળો અનુક્રમ નં.૧ થી ૮ કાગળો જેમાં  ઓ.પી.ડી. ઇન્ડોર, તેમજ સોનોગ્રાફી અને લોહીના રીપોર્ટના કાગળો તથા એકસ રે પ્લેટો નંગ–૫ રીપોર્ટ સાથે તેમના રેકર્ડ વિભાગમાથી મેળવી રજુ આંક–૪૦ છે. તેમની હોસ્પીટલના

રેકર્ડ વિભાગમાં દર્દી દિલીપસીહરતુભા ગોહીલ, હંસાબેન ડાયાભાઇ ઢાપા, લાભુબેન ઝવેરભાઇ બારૈયા જસીબેન પરશોતમભાઇ ગોહીલ કૈલાશબેન નાગજીભાઇ વાઘેલાનાઓ ના સારવારના કાગળો મળી આવેલ નથી તે અંગેનુ ઇ સરકારમાથી જનરેટ કરેલ પ્રમાણપત્રની કોપી જે ડો.તુષાર આદેસરા આર.એમ.ઓ.નાઓની ડીજીટલ સહી છે જે આંક-૭૧ થી રજુ છે.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, તેમની પાસે આવેલ દર્દીઓને તેઓએ પ્રાથમીક સારવાર આપેલી. પ્રાથમીક સારવાર આપ્યા બાદ જે તે વિભાગમા દર્દીઓને સારવાર માટે રીફર કરવામા આવેલ. દર્દીઓની હીસ્ટ્રી ઉપરથી ઈજાઓ ગાડી પલ્ટી ખાવાને લીધે થયેલી તેવી હકીકત ખુલતી હતી. તેઓએ જે ઈજાઓ અંગે અભિપ્રાય આપ્યા તે જે તે વિભાગ ધ્વારા આપવામા આવેલ તેના આધારે આપેલ છે. આ દર્દીઓને પ્રાથમીક સારવાર આપ્યા બાદ કોઇ બીજી સારવાર તેઓએ આપેલ નથી. આ દર્દીઓને તેઓની હીસ્ટ્રી કઇ ગાડી હતી તેના ડ્રાઇવર કોણ હતા તેની કોઇ હીસ્ટ્રી લખાવેલ નથી.

(૧૬) આ કામે ફરીયાદ પક્ષે આંક-૭૨ થી સાહેદ ધીરજલાલ ભીખાલાલ જાનીને તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, તેઓ સને-૨૦૧૦ ની સાલમા વરતેજ પોલીસ સ્ટેશનના તાબા ના કોળી ચાક આઉટ પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા હતા. દરમ્યાન તા.૨૧/૫/૨૦૧૦ ના સાંજના વખતે તેમને વરતેજ પોલીસ સ્ટેશનમાથી પીએસઓ પી.વી.ગોહીલે સદરહુ ગુનાની તપાસનો હુકમ સોપેલ જે તપાસ સોપીનો હુકમ આંક-૭૨ થી રજુ છે. ત્યારબાદ સદર ગુનાના તપાસ તેઓએ જાતે સંભાળી લીધેલ અને તપાસના કામે તા.૨૧/૫/૨૦૧૦ ના રોજ બનાવવાળી જગ્યા ફરીયાદીએ બતાવેલ તે થળસર ગામના પાદરમા બજરંગદાસ બાપા ની

મઢુલીની સામેવાળી જગ્યા પંચો રુબરુ કલાક ૧૮/૪૫ થી ૧૯/૧૫ સુધીનુ વિગતવાર પંચનામુ કરેલ અને ત્યાં સ્થળ ૫ અકસ્માતવાળુ વાહન પીકઅપ વાહન જેનુ મોઢુ પુર્વ તરફ તથા પાછળનો ભાગ પશ્ચીમ તરફ હતુ અને તે ખાળી ચામા પડેલ હતુ જે નુકસાન થયેલી હાલતમા હતુ જેના કાંચ વિગેરે તુટી ગયેલ હતા. આશરે પાંચ હજાર નુ નુકસાન થયેલ હતુ આંક-૩૨ વાળુ પંચનામુ તેઓએ પંચોની હાજરીમા કેલ જેમા તેમની સહી છે. સદરહુ તપાસમા તેઓએ લાગતા વળગતા ઈજા પામનાર સાહેદોના નીવેદન લીધેલા તેમજ ઇજા પામનારના સારવાર સર્ટીફીકેટ મેળવવવા યાદીઓ કરેલી તેમજ અકસ્માતવાળા વાહનના કાગળો મેળવેલ જે ઘનશ્યામભાઇ હરખાભાઇ ડાભી નાઓને તા.૭/૬/૧૦ ના રોજ અટક કરી તેઓએ રજુ કરેલ. બનાવવાળી જગ્યાનો સ્થાનીક નકશો તૈયાર કરાવેલ જે આંક-૪૪ થી રજુ છે જેમાં તેમની સહી છે. તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ર્ચાજશીટ રજુ કરેલ.આરોપીને ઓળખે છે.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે,તપાસના કામે તેઓને પી.એસ.ઓ તરફથી ફરીયાદ મળેલી. તપાસ દરમ્યાન આ કામના ફરીયાદીનું તેઓએ કોઇ વિશેષ નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદીની ફરીયાદમાં અકસ્માત થયેલ વાહનનો કોઈ નંબર કે વાહન ચાલકનુ નામ જણાવવામા આવેલ નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુ કોઇ સ્વતંત્ર સાહેદો તેમની તપાસ દરમ્યાન મળી આવેલ નહી. તેઓએ જે સાહેદોના નિવેદન લીધેલ તે ઈજા પામનારના હતા. બનાવવાળી જગ્યા મીઠી વીરડીથી ભાવનગર જવાનો રસ્તો હતો. આ રસ્તા પર વાહનની અવર જવર રહે છે. બનાવવાળી જગ્યાએથી કોઇ ચીજ વસ્તુ કબજે કરેલ તેવુ બનેલ નથી. આરોપી

સામેથી હાજર થતા તેઓએ આરોપીને અટક કરેલો. તેઓએ આ તપાસના કામે વાહનના માલીકનુ નિવેદન લીધેલ નથી.

(૧૭) આ કામે ફરીયાદ પક્ષે આંક-૪૬ થી સાહેદ જીતુભા મનુભા ગોહિલને તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંદપરની જુબાનનીમા જણાવેલ છે કે, ફરીયાદી તેમના કાકા થાય છે. બનાવ સને-૨૦૧૦ મા બનેલો. બજરંગદાસ બાપાની મઢી પાસે સવારના નવ દસ વાગે બનેલો. બનાવ સમયે તેઓ તથા એક ભાઈ મીઠી વિરડી પીકઅપ વાહનમા દિલીપસીહ તથા બીજા આઠ જણા હતા અને ત્યારબાદ શું થયુ તેની તેમને ખબર નથી. બનાવની ફરીયાદ દીલીપસીહે એકસીડેન્ટની કરેલી જે પીકઅપ વાહનની કરેલી. પીકઅપ વાહન બનાવ સમયે પલટી મારી ગયેલ.પીકઅપ વાહનનો નંબર તથા ચાલકની તેમને ખબર નથી. ઘણો સમય થયેલ હોય આરોપીને ઓળખી શકે નહી.આ બનાવમા તેમને માથામા ઈજા થયેલી. પીકઅપ વાહનમા બીજા લોકોને ઈજા થયેલી.પોલીસે તેમની પુછપરછ કરેલી.સદર સાહેદ પોલીસ નિવેદનની હકીકતથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી પરવાનગીથી ઉલટતપાસ કરવા છતા પોલીસ નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ વિગતવાર ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, વાહનનો નંબર તથા કોણ વાહન ચાલક હતો તેની તેમને ખબર નથી. વાહન ચાલક કેવી રીતે વાહન ચલાવતા હતા તેની તેમને ખબર નથી. આરોપીને જોયે ઓળખી શકે નહી.

(૧૮) આ કામે આરોપીની સામે ઈન્ડીયન પીનલ કોડ કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪,૬૬(૧),૧૯૨ મુજબના ગુનાનો આક્ષેપ છે. જેમા મુખ્યત્વે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૨૭૯ ની જોગવાઈ

મહત્વની હોય જે ધ્યાને લેતા નીચે મુજબ છે.

**કલમ –૨૭૯ : સરીયામ રસ્તા ઉપર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત :**

જે કોઇ વ્યકિત, માણસોની જીંદગી જોખમમાં મુકાય, અથવા અન્ય વ્યક્તિને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય, એવી બેફામ રીતે અથવા બેદરકારીથી, સરીઆમ રસ્તા ઉપર, કોઇ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા બંન્ને શિક્ષા કરવામા આવશે.

આ કામે ઉપરોકત કાયદાની જોગવાઇ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટેના મહત્વના તત્વો નીચે મુજબ છે.

(૧) જાહેર માર્ગ પર વાહન ચલાવવુ, અથવા સવારી કરવી,

(૨) આવુ ચલાવવુ અથવા સવારી કરવી એટલી બધી બેફામ(રેસ) અથવા ઉપેક્ષાયુકત હોવી જોઇએ કે જેથી મનુષ્યના જીવનને તે ભયમાં મુકે અથવા તો કોઇ અન્ય વ્યકિતને ઇજા કે નુકશાન કરે જેના કારણે વ્યકિતની મૃત્યુ થાય.

એટલે કે, બેફામ કાર્ય એ મુખ્યત્વે એક અત્યંત ઉતાવળું કાર્ય છે અને એ ઇરાદાપૂર્વકના અથવા વિચારપૂર્વકના કાર્યથી વિરૂધ્ધનું કાર્ય છે. એટલે કે તે કાર્ય કોઇ યોગ્ય વિચારણા વિના અને સાવચેતી વિના કરેલુ કાર્ય છે. વધુમાં, બેદરકારી એટલે કે જે વિચારોથી મનુષ્યના કાર્યનુ સંચાલન થાય છે. તેની વર્તણૂંકનુ નિયંત્રણ થાય છે તેનાથી સંચાલીત થતી સામાન્ય બુધ્ધીશાળી વ્યકિત અને ડહાપણવાળી વ્યકતી જે કાર્યલોપ કરે નહી, તેવો કાર્યલોપ કરવો અથવા તો, જે કૃત્ય તેવી વ્યકિત કરે નહિ તેવુ કૃત્ય કરવું અને તે માણસની ભૂલના કરાણે કોઇપણ માણસને ઇજા કે મૃત્યુ થાય તેનો સમાવેશ થાય છે. આમ, ઉપરોકત ચર્ચા કરેલ આવશ્યક તત્વો જોતા આ કામે આરોપીએ પોતાના

કબજામાનુ વાહન જાહેર રસ્તા પર બેફીકરાઇથી અને બેદરકારીથી કોઇ વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય એવી રીતે ચલાવેલાનું અને ફરીયાદી તથા સાહેદોને વ્યથા કરેલાનું રેકર્ડપર આવવું જોઇએ અને તે બેદરકારીને કારણે કોઇપણ માણસને ઇજા કે મૃત્યુ થયેલું હોય. જયારે આ કામે ઉપરોકત ફરીયાદીની જુબાનીનું પુરાવાકીય મૂલ્યાંકન કરવામા આવે તો, આ કામે ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામા આવેલ ફરીયાદીએ આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અકસ્માત કરેલ હોય તેવો પુરાવો આપેલ નથી.વળી, આ કામે આ કામના ફરીયાદી કે જેઓ સ્ટાર વિટનેશ તે પોતે જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવા આપતા ના હોય કે તેની જુબાનીથી જ આરોપીએ ઉપરોકત કૃત્ય કરેલાનુ રેકર્ડ પર આવતુ ના હોય તો આરોપીને આ ગુનાના કામે કસુરવાર ઠરાવી શકાય નહી. તેમજ તપાસવામા આવેલ સાહેદો ફરીયાદીના નજીકના સગાઓ છે અને તેઓ ધ્વારા પણ અકસ્માત કરનાર ચાલકને જોયેલ નથી કે અકસ્માત કરનાર વાહનના નંબરની તેમને ખબર નથી.તેમજ બનાવ વિશે કોઇ અંગત માહિતી ન હોવાનુ કબૂલ રાખે છે. આ બનાવ કોની બેદરકારીથી બનેલ તે હકીકત પુરાવાથી રેકર્ડ પર આવતી નથી.

તેમજ વધુમા, ફરીયાદ પક્ષના પુરાવામાં અકસ્માતવાળો બનાવ આરોપીના પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવવાના કારણે બનેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવેલ હોય તે બનેલ નહી. વધુમાં, આ કામે જે ફરીયાદીની જુબાની જોવામાં આવે તો આ અકસ્માત મેકસ પીકઅપ ગાડીના ચાલકે કરેલ હોવાનુ જણાવેલ.પરંતુ, અકસ્માત કોની બેદરકારીથી બનેલ તે બાબતે કશુ રેકર્ડ પર પુરાવો આવતો નથી. તેમજ ફરીયાદી

તથા સાહેદો પોતાના પુરાવામાં વાહન ચાલકને તેઓ ઓળખી બતાવતા નથી કે વાહન ચાલકનુ નામ તેમને ખબર નથી તેવો પુરાવો આપેલ છે તેમજ અકસ્માતવાળો બનાવ બનેલ તે જગ્યા ટ્રાફીક અને ગીચ અવરજવરવાળો વિસ્તાર હોવાનુ તથા અકસ્માત સમયે રોડ પર હોવાનુ કબૂલ રાખેલ છે અને અકસ્માત કોની બેદરકારીથી બનેલ તે હકીકત રેકર્ડ પર આવેલ નથી.

વધુમાં, આ કામની ફરીયાદી ધ્યાને લેતા આરોપીના બેદરકારી ભર્યા વાહન ચલાવવાના કારણે જીપ પલ્ટી મારી જતા તેમા બેસેલાને ઈજાઓ થયેલાની ફરીયાદ છે પરંતુ આ કામે અકસ્માત વખતે પલ્ટી ખાય ગયેલ વાહનના ચાલક નુ નામ કે અકસ્માતવાળા વાહનના નંબર એકપણ સાહેદ પોતાની જુબાનીમાં જાણતા ન હોવાનુ જણાવે છે. આ આરોપીની અટક કેવી રીતે થયેલ હોય તે હકીકત પુરાવામાં આવતી નથી. તેમજ આ કામે આરોપીની અટક કરી આરોપીની કોઈ સાહેદ સમક્ષ મામલતદાર રુબરુ કોઈ ઓળખ પરેડ કરાવેલ હોય તેવું બનેલ નથી. આમ, રેકર્ડ પરનો પુરાવો જોતા સદર કામે આરોપી પર શંકા ઉદભવે છે કે તેઓએ ફરીયાદવાળો કહેવાતો બનાવ કરેલ હોય પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી સ્ટ્રોંગ હોય તો પણ તે કાનુની પ્રુફનું સ્થાન લઈ શકે નહી એટલે કે ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે આરોપી વિરુધ્ધ પુરવાર કરવાનો રહે છે.

(૧૯) વધુમા ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિશંકપણે પુરવાર કરવાનો રહે છે તથા પ્રોસીકયુશન કેસમા રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમા આપવાનો રહે છે વધુમા રેકર્ડ

પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાય આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે અથવા તો કહેવાતો ગુનો આરોપીએ કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપી ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમા ફરીયાદપક્ષ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી તેમ ગણી શકાય. જેથી ફરીયાદપક્ષમા રહેલ તે શંકાનો લાભ આરોપી ની તરફેણમા આપવાનો હોય છે.

આ કામે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે તથા રેકર્ડ પરના પુરાવાઓ જોતા જયારે ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી આરોપીની ભુલના કારણે બનાવ બનેલ છે તેમ જણાય આવતું ના હોય આરોપીને સદર ગુનામા તકસીવાન ઠરાવવું ન્યાયોચિત જણાતુ નથી અને આરોપીને શંકાનો લાભ આપવો ન્યાયોચિત જણાય છે વધુમા રેકર્ડ પર એવો કોઈ પુરાવો આવેલ નથી કે આ કામે બનેલ બનાવ માત્રને માત્ર આરોપીની ભુલ અને બેદરકારીને કારણે જ બનેલ હોય જેથી આ કામના આરોપી ઉપર પ્રથમ દ્રષ્ટિએ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪,૬૬(૧),૧૯૨ ની કલમો હેઠળ કાર્યવાહી કરી શકાય નહી. જેથી આરોપીને સદર ગુનામા તકસીરવાન ઠરાવી શકાય નહી. તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

- આ કામના **આરોપી-ઘનશ્યામભાઈ હરખાભાઈ ડાભી,** રહે-મીઠી વીરડી, તા.તળાજા, જી.ભાવનગર નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની

કલમ–૧૭૭,૧૮૪,૧૩૪,૬૬(૧),૧૯૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

– આરોપીએ રજુ કરેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા.૨૮ મી, માહે–જૂલાઇ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૭/૨૦૨૬ (મયુર ડી.બ્રહમભટ્ટ)

સ્થળ–ભાવનગર. બીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ

ભાવનગર

*A.B.MAKWANA* **CODE GJ01008**